## પુરવઠો

### કિંમતના ઘટાડાને કારણે પુરવઠામાં થતા ફેરફારને શું કહેવાય ?

A. વધારો

B. વિસ્તરણ

C. સંકોચન

D. ઘટાડો

- C.સંકોચન

### કિંમત સિવાયનાં પરિબળો પ્રેરિત ફેરફારને લીધે પુરવઠામાં થતા પરિવર્તનને શું કહેવાય ?

A. વધારો

B. સંકોચન

C. સંકોચન-વિસ્તરણ

D. વધારો-ઘટાડો

- D.વધારો-ઘટાડો

### વસ્તુની કિંમત અને પુરવઠા વચ્ચે કેવો સંબંધ છે ?

A. સમ

B. વિરોધી

C. ધન

D. વ્યસ્ત

- C.ધન

## શું ઘટે તો નફાનું પ્રમાણ ઘટવાથી પુરવઠો ઘટાડવામાં આવે

A. જથ્થો

B. પુરવઠો

C. કિંમત

D. મૂલ્યસાપેક્ષતા

- C.કિંમત

## જથ્થો કુલ પુરવઠા કરતાં...

A. વધુ હોઈ શકે.

B. ઓછો હોઈ શકે.

C. વધુ ન હોય.

D. નહિવત હોય.

- A.વધુ હોઈ શકે.

## ભવિષ્યમાં ભાવો વધવાની અટકળો હોય, તો પેઢી વર્તમાન પુરવઠો...

A. વધારે છે.

B. ઘટાડે છે.

C. સ્થિર રહે છે.

D. શુન્ય રાખે છે.

- B.ઘટાડે છે.

## જથ્થો એટલે શું ?

- ઉત્પાદનનો એવો ભાગ જે પ્રવર્તમાન કિંમતે ઉત્પાદક વેચવા માટે તૈયાર નથી, તેને જથ્થો કહે છે.

## પુરવઠાનો ખ્યાલ કઈ બે બાબતોના સંદર્ભમાં રજુ કરવામાં આવે છે ?

- પુરવઠાનો ખ્યાલ ચોક્કસ કિંમત અને ચોક્કસ સમયના સંદર્ભમાં રજુ કરવામાં આવે છે.

## પુરવઠાની વ્યાખ્યા આપો.

- ચોક્કસ સમયે અને ચોક્કસ કિંમતે ઉત્પાદકો કે વેપારીઓ ઉત્પાદનનો જેટલો ભાગ બજારમાં વેચવા તૈયાર હોય તેને પુરવઠો કહેવામાં આવે છે.

## પુરવઠાની અનુસૂચિ એટલે શું ?

- કોઈ એક ઉત્પાદક કે વેપારી કોઈ એક સમયે વસ્તુની જુદી જુદી કિંમતે વસ્તુનો કેટલો જથ્થો વેચવાની તૈયારી દર્શાવે છે, તે યાદીને પુરવઠાની અનુસૂચિ કહેવામાં આવે છે.

## પુરવઠારેખાનો ઢાળ કેવો હોય છે ?

- પુરવઠારેખાનો ઢાળ ધન હોય છે.

## અલભ્ય વસ્તુઓને પુરવઠાનો નિયમ શા માટે લાગુ પડતો નથી ?

- અલભ્ય વસ્તુઓની કિંમત વધવા છતાં તેના પુરવઠામાં વધારો કરવો શક્ય નથી. તેથી આવી વસ્તુઓને પુરવઠાનો નિયમ લાગુ પડતો નથી.

## પુરવઠાનો નિયમ કયા પ્રકારની વસ્તુઓ માટે અપવાદ છે ?

- પુરવઠાનો નિયમ પ્રાચીન કાળની હસ્તપ્રતો, મૂર્તિઓ, સિક્કાઓ, કલાકૃતિઓ જેવી અલભ્ય વસ્તુઓ તેમજ લીલાં શાકભાજી, પાકાં ફળ, માંસ, ઈંડાં વગેરે જેવી નાશવંત વસ્તુઓ માટે અપવાદ છે.

## તફાવત સમજાવો : જથ્થો અને પુરવઠો

| જથ્થો | પુરવઠો |
|---|---|
| વર્તમાન કિંમતે ઉત્પાદનનો જેટલો ભાગ નહીં વેચવાની ઇચ્છા જથ્થો છે. | વર્તમાન કિંમતે ઉત્પાદનનો જેટલો ભાગ વેચવાની તૈયારી પુરવઠો છે. |
| જથ્થો કુલ ઉત્પાદન જેટલો કે તેનાથી ઓછો હોઈ શકે, પરંતુ કુલ ઉત્પાદનથી વધુ ન હોઈ | પુરવઠો કુલ ઉત્પાદનની ઓછો, કુલ ઉત્પાદન જેટલો કે કુલ ઉત્પાદનથી વધારે (અગાઉનો જથ્થો વેચાય તો) પણ હોઈ |


| | |
|---|---|
| **શકે.** | **શકે છે.** |
| **જથ્થો પુરવઠા જેટલો જ અથવા એનાથી વધારે હોઇ શકે, પણ ઓછો હોઈ શકે નહી.** | **પુરવઠો જથ્થા જેટલો હોઈ શકે, પરંતુ જથ્થા કરતાં વધુ હોઈ શકે નહીં.** |
| **વસ્તુની કિંમત વધતાં જથ્થો ઘટે છે.** | **વસ્તુની કિંમત વધતાં પુરવઠો વધે છે,** |

## વ્યક્તિગત પુરવઠો અને બજારપુરવઠાનો અર્થ સમજાવો.

કોઈ એક ઉત્પાદક કે પેઢી દ્વારા કોઈ વસ્તુ જુદી જુદી કિંમતે વેચવા માટે બજારમાં મૂકવામાં આવે છે, તેને વ્યક્તિગત પુરવઠો કહે છે.
કોઈ ચોક્કસ સમયે અને ચોક્કસ કિંમતે અનેક ઉત્પાદકો કે પેઢીઓ દ્વારા વસ્તુનો જેટલો પુરવઠો બજારમાં વેચવા માટે મૂકવામાં આવે છે, તેના કુલ સરવાળાને કુલ પોરવઠો કે બજાર પુરવઠો કહે છે.
વ્યક્તિગત પુરવઠો અને બજારની અનુસૂચિ નીચે મુજબ છે :

| વસ્તુની કિંમત (રૂ!) | વસ્તુનો પુરવઠો (એકમ) | | | બજારપુરવઠો (કુલ પુરવઠો) (એકમ) |
|---|---|---|---|---|
| | ઉત્પાદક A | ઉત્પાદક B | ઉત્પાદક C | |
| 10 | 50 | 40 | 30 | 120 |
| 20 | 60 | 50 | 40 | 150 |
| 30 | 70 | 60 | 50 | 180 |
| 40 | 80 | 70 | 60 | 210 |
| 50 | 90 | 80 | 70 | 240 |

અનુસુચિ મુજબ વ્યક્તિગત પુરવઠારેખા અને બજાર-પુરવઠારેખા નીચે આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે મળે :




બધી વ્યક્તિગત પુરવઠારેખા ધન ઢાળવાળી છે.
વ્યક્તિગત પુરવઠારેખા કરતાં બજાર-પુરવઠારેખાનો ઢાળ ઓછો છે.

## શા માટે પુરવઠો ઉત્પાદન કરતાં વધારે હોઈ શકે. પણ કુલ જથ્થા કરતાં વધારે હોઈ શકે નહીં ?

- ઉત્પાદક કે વેપારીઓ દ્વરા જથ્થાની જે ભાગ અમુક ચોક્કસ કિંમતે અમુક ચોક્કસ સમયગાળા દરમિયાન વેચાણ માટે મુકવામાં આવે, તે પુરવઠો કહેવાય છે. બધો જ જથ્થો પુરવઠો બને જ એવું નિશ્ચિત હોતુ નથી. આમ, પૂરવઠો જથ્થનો ભાગ હોવાથી જથ્થા કરતાં વધારે હોઈ શકે નહીં.
- જે ઉત્પાદનમાં અગાઉનો જથ્થો ઉમેરીને વેચાણ માટે મૂકવામાં આવે, તો પુરવઠાનું પ્રમાણ ઉત્પાદનના પ્રમાણ કરતાં વધારે રહે. તેથી પુરવઠો ઉત્પાદન કરતાં વધારે હોઈ શકે.

## પુરવઠા રેખાનો ઢાળ ધન કેમ હોય છે, કારણો આપી સમજાવો.

- વસ્તુની કિંમત અને વસ્તુન પુરવઠા વચ્ચે સીધો સંબંધ હોવાથી પુરવઠારેખાનો ઢાળ ધન છે.


- જેમ જેમ વસ્તુની કિંમતમાં વધારો થાય છે તેમ તેમ વસ્તુના પુરવઠામાં પણ વધારો થાય છે અને પુરવઠારેખા ડાબી બાજુથી જમણી બાજુ ઉપર તરફ ગતિ કરે છે. અર્થાત પુરવઠારેખાનો ઢાળ ધન છે.

## પુરવઠાના નિયમના અપવાદો જણાવો.

- પુરવઠના નિયમ મુજબ વસ્તુની કિંમત અને તેના પુરવઠા વચ્ચે ધન સંબંધ છે. પરંતુ કેટલીક વાર એ બંનેની વચ્ચે વ્યસ્ત સંબંધ જોવા મળે છે. આવું બને ત્યારે તેને પુરવઠાના નિયમના અપવાદ તરીકે ઓળખવામાં આવે છે. આવ કેટલાક અપવાદો નીચે પ્રમાણે છે.
    - અલભ્ય વસ્તુઓ : અલભ્ય વસ્તુઓની કિંમતમાં ગમે તેટલો વધારો કરવામાં આવે તોપણ તેમનો પુરવઠો વધારી શકાતો નથી. જેમ કે; પ્રાચીનકાળના સિક્કાઓ, હસ્તપ્રતો, મૂર્તિઓ, કલાકૃતિઓ વગેરે વસ્તુઓની કિંમત વધવાં છતાં તેમનો પુરવઠો વધારી શકાતો નથી. આવી વસ્તુઓનો સ્ટૉક હોય, પણ પુરવઠો ન હોય.
    - નાશવંત વસ્તુઓ : નાશવંત વસ્તુઓનો લાંબા સમય સુધી સંગ્રહ કરી શકાતો ન હોવાથી તેના ભાવ ઘટી જાય તોપણ તેનો પુરવઠો પાકાં ફળ, માછલી, ઈંડા વગેરે નાશવંત વસ્તુઓ છે. જેમનો સંગ્રહ શક્ય નથી. જોકે આધુનિક ટેકનોલૉજીના ઉપયોગથી આવી વસ્તુઓનો શીતાગાર ગૃહોમાં સંગ્રહ કરી લંબા સમય સુધી સાચવી શકાય છે.
    - અનાજનો પુરવઠો : સામાન્ય રીતે જો અનાજના ભાવ વધે, તો તેનો પુરવઠો વધવો જોઈએ. પરંતુ કેટલાક ખેડુતો નિશ્ચિત આવક મેળવવા માટે ભાવ વધતાં અનાજનો પુરવઠો ઓછો કરે છે અને જો અનાજના ભાવ ઘટતાં નિશ્ચિત આવક મેળવવા અનાજનો પુરવઠો વધારે છે. જોકે આવી પરિસ્થિતિ જુજ જ જોવા મળે છે.
- આમ, પુરવઠાના નિયમના કહેવાતા અપવાદો વાસ્તવમાં અપવાદો તરીકે સ્વીકારી શકાય તેમ નથી.

## પુરવઠામાં વિસ્તરણ-સંકોચન આકૃતિ સહિત સમજાવો.

- પુરવઠાને અસર કરતાં અન્ય પરિબળો સ્થિર રહેતાં કિંમત પ્રેરિત ફેરફારોને લીધે પુરવઠામાં થતું પરિવર્તન પુરવઠામાં વિસ્તરણ-સંકોચન કહેવાય છે.
  પુરવઠામાં વિસ્તરણ-સંકોચન દર્શાવતી આકૃતિ નીચે મુજબ છે :




  આકૃતિમાં જણાવ્યા મુજબ વસ્તુની કિંમત એકમદીઠ રૂ 20 હોય ત્યારે ઉત્પાદક વસ્તુના 300 એકમોનો પુરવઠો વેચવા તૈયાર છે. અર્થાત ઉત્પાદકની સમતુલા પુરવઠારેખા SS'ના b બિંદુએ છે.
  વસ્તુની કિંમત વધીને એકમદીઠ રૂ 30 થાય છે, ત્યારે ઉત્પાદક પુરવઠારેખા SS' પર બિંદુ bને બદલે બિંદુ c પર સમતુલા મેળવી પુરવઠો 300 એકમોથી વધારી 500 એકમો કરે છે. b બિંદુ પરથી c બિંદુ તરફ ગતિ પુરવઠાનું વિસ્તરણ દર્શાવે છે. વસ્તુની કિંમત ઘટીને એકમદીઠ રૂ 10 થાય છે, ત્યારે ઉત્પાદક પુરવઠારેખા SS' પર બિંદુ bને બદલે બિંદુ a પર સમતુલા મેળવી પુરવઠો 300 એકમોથી ઘટાડી 100 એકમો કરે છે. b બિંદુ પરથી a બિંદુ તરફની ગતિ પુરવઠાનું સંકોચન દર્શાવે છે.
  પુરવઠાના વિસ્તરણ-સંકોચનમાં પુરવઠારેખા SS' બદલાતી નથી, પરંતુ પુરવઠારેખા પરનાં બિંદુઓ ઉપર કે નીચે તરફ બદલાય છે.